# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા
# સત્સંગ પ્રારંભ

**સવારે ૯ થી ૧૨ ]** **(રવિવાર, ૨૧ ફેબ્રુઆરી, ૧૯૯૯)** **કુલ ગુણ : ૧૦૦**

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**(વિભાગ - ૧ ઘનશ્યામ ચરિત્ર)**

**પ્ર.૧ નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો. ૫**

૧. માર્કંડેય મુનિએ બાળપ્રભુનાં ક્યાં નામ પાડ્યાં ?
૨. ઘનશ્યામે કયા સરોવરની માછલીઓને સજીવન કરી ?
૩. ઘનશ્યામે ઐશ્વર્યથી પોતાને સ્થાને કોને બાંધી દીધા ?
૪. કયા ગામમાં ઠાકોરજીની મૂર્તિએ ઘનશ્યામને હાર પહેરાવ્યો ?
૫. ઘનશ્યામને મારી નાખવા કોણે કૌશિક નામના રાક્ષસને મોકલ્યો ?

**પ્ર.૨. નીચેનાં વિધાનો કોણ, કોને કહે છે તે લખો. (કોઈ પણ પાંચ) ૧૦**

૧. ''હું જ્યારે કાઠિયાવાડ આવું, ત્યારે તમે પણ કાઠિયાવાડ આવજો.''
૨. ''જુઓ, મીઠાઈ તો બધી અહીં જ છે. આ બધા ટોપલા ભરેલા છે.''
૩. ''અરે ભાઈ, તમને જ જગાડીએ છીએ, બસ હવે દળવા દો......''
૪. ''હું તો મુમુક્ષુઓ કઈ દિશામાં છે, તે જોઉં છું....''
૫. ''કયા બોલતા હૈ છોકરા ?''
૬. ''આ પાણીમાં ઘરે કેમ જઈશું ?''
૭. ''અમને છોડી મૂકો, હવે અમે છપૈયામાં ફરી નહિ આવીએ.''

**પ્ર.૩. કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. ૧૦**

૧. અયોધ્યા જતા .......................... નદી આવે છે. (મીન, સરયૂ, ગંગા)
૨. .......................... બ્રાહ્મણ પૂજારીને ઘનશ્યામે દેખતો કર્યો. (વ્રજવિહારી, વ્રજનાથ, વ્રજકુંજ)
૩. ઘનશ્યામને ..................... વર્ષે જનોઈ આપી. (૬, ૫, ૭)
૪. ઘનશ્યામે .............. માં સભા જીતી. (કાશી, હરદ્વાર, અયોધ્યા)
૫. ઘનશ્યામે ...................... રાજાને સોળ ચિહ્નોનાં દર્શન કરાવ્યાં. (રાયદર્શનસિંહ, ગુમાનસિંહ, રાયસિંહ)
૬. ........................ નામના કાયસ્થની પ્રાર્થના સાંભળી ઘનશ્યામ ઉદાસ થઈ ગયા. (મોહનદાસ, દેવીબક્ષ, મોરલીગંગાધરદાસ)





૭. ઘનશ્યામ ..................... ગાયને શોધવા ગયા. (ગોમતી, ગૌરી, કપિલા)
૮. ઘનશ્યામે ભૂતોનો મોક્ષ ........................ ગામમાં કર્યો. (તરગામ, ગુંડા, તીનવા)
૯. કાલિદત્તે સૌથી મોટી કૃત્યા ........................ ને ઘનશ્યામને મારવા મોકલી. (કોટરા, કાળકા, કાલી)
૧૦. .................... વાળંદ અસ્ત્રો કાઢીને ઘનશ્યામના વાળ ઉતારવા લાગ્યો. (નથુ, અમઈ, જેઠો)

**પ્ર.૪. નીચેના પ્રસંગોમાંથી કોઈ પણ <u>એક</u> પ્રસંગ ટૂંકમાં વર્ણવી તેનો ભાવાર્થ - બોધ લખો. (બારેક લીટીમાં) ૫**

**૧.** રામચંદ્રરૂપે દર્શન **૨.** ઘનશ્યામનો ગૃહત્યાગ **૩.** ચકલાંને સમાધિ

**પ્ર.૫. નીચેના 'અ' વિભાગની સામે 'બ' વિભાગમાંથી યોગ્ય શબ્દ શોધી જોડકાં બનાવો. ૫**

| 'અ' | | 'બ' |
|---|---|---|
| ૧. લક્ષ્મીજી | ------------- | ૧. માખણ જમ્યા |
| ૨. ઘનશ્યામના મિત્ર | ------------- | ૨. ઘનશ્યામે હિંસા બંધ કરાવી |
| ૩. બલ્લમપઢરી | ------------- | ૩. કાઠિયાવાડ |
| ૪. લક્ષ્મીબાઈ | ------------- | ૪. માણેકધર |
| ૫. વસંતાબાઈ | ------------- | ૫. સુખનંદન |

**(વિભાગ - ૨ યોગીજી મહારાજ)**

**પ્ર.૬. નીચેના વિધાનો કોણ, કોને કહે છે તે જણાવો. (કોઈપણ પાંચ) ૧૦**

૧. ''એમાં શો અપરાધ થયો ?''
૨. ''રોઈ લે તારા ગુણાતીતનું, તને છોડાવવા આવશે.''
૩. ''મારે તમને સાધુ કરીને મારી સેવા કરાવવી નથી.''
૪. ''લખી લો એટલે અમને તમારા જવાબ પાટીમાંથી કહેજો......''
૫. ''અહો, તમે તો મહાન સદ્‌ગુરુ થશો.....''
૬. ''સૌએ પ્રમુખસ્વામીની આજ્ઞામાં રહેવું.''
૭. ''કોઈ યુવાન સાધુને સાથે લાવતા હો તો ?''

**પ્ર.૭. નીચેનાં પ્રશ્નોનાં એક વાક્યમાં જવાબ આપો. ૫**

૧. યોગીજી મહારાજે કેટલી વિદેશયાત્રાઓ કરી હતી ?
૨. કૃષ્ણજી અદાએ યોગીજી મહારાજને માથે બે હાથ મૂક્યા ત્યારે નિર્ગુણદાસ સ્વામી શું બોલ્યા ?
૩. યોગીજી મહારાજે એકાવન નવયુવાનોને કઈ સાલમાં દીક્ષા આપી ?

૪. યોગીજી મહારાજની ૭૬મી જન્મજયંતિ દિને કયો ગ્રંથ પ્રકાશિત થયો ?
૫. ઝીણાભાઈનાં માતા-પિતાનું નામ શું હતું ?

**પ્ર.૮. કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **૧૦**

૧. પારકી ક્રિયા, પારકો આકાર અને ........................ ન જોવા. (પારકા સ્વભાવ, પારકા દોષ)
૨. અમદાવાદમાં મૂર્તિપ્રતિષ્ઠા સંવત ...................... માં થઈ. (૨૦૦૮, ૨૦૨૮, ૨૦૧૮)
૩. પ્રમુખસ્વામી મહારાજની ....................... મી જન્મજયંતી મુંબઈમાં ઊજવાઈ. (૪૭, ૪૬, ૪૮)
૪. યોગીજી મહારાજના ......................... પગમાં ઊર્ધ્વરેખા હતી. (જમણા, ડાબા, બંને)
૫. શાસ્ત્રીજી મહારાજનો શતાબ્દી મહોત્સવ .................. ગામે ઉજવાયો. (મહેળાવ, સારંગપુર, અટલાદરા)
૬. નિશાળમાં ભણતા વિદ્યાર્થીએ રોજ ..................... કલાક વાંચવું. (ચાર, પાંચ)
૭. ભાવનગરમાં ........................ ના ઘરે યોગીજી મહારાજના હાથે ઠાકોરજી થાળ જમી ગયા. (કુબેરભાઈ, પ્રભુદાસ, જયંતીભાઈ)
૮. યોગીજી મહારાજે ગઢડા કળશ પ્રસંગે ..................... યુવાનોને ભાગવતી દીક્ષા આપી. (સીત્તેર, પચાસ, એકાવન)
૯. ઝીણા ભગતને ભગવતી દીક્ષા ........................ એ આપી. (કૃષ્ણચરણ સ્વામી, વિહારીલાલજી મહારાજ, શ્રીપતિપ્રસાદજી મહારાજ)
૧૦. ......................... માં યોગીજી મહારાજનું અપમાન નારાયણપ્રસાદ નામના સાધુએ કર્યું. (કેરિયા, નારાયણ ધરો, મોજીદ)

**પ્ર.૯. નીચેનામાંથી કોઈપણ એક પ્રસંગ વિષે ટૂંકનોંધ લખો. (બારેક લીટીમાં)** **૫**

૧. ''માન અપમાનમાં એકતા''
૨. ''યોગીજીને શું ગમે ?''
૩. સેવામય સંત - યોગીજી મહારાજ

**(વિભાગ - ૩ કિશોર સત્સંગ પ્રારંભ)**

**પ્ર.૧૦ નીચેના પ્રશ્નોનાં જવાબ એક વાક્યમાં આપો.** **૧૦**

૧. શેરડીના વાઢમાં શ્રીજીમહારાજે મૂળજી ભક્તને દર્શન દઈ શું કહ્યું ?
૨. નીલકંઠ બ્રહ્મચારી અને રામાનંદ સ્વામીનો પ્રથમ મેળાપ ક્યાં થયો ?
૩. કોણે ભગુજીનું માથું લાવનારને જમીન અને ઈનામ આપવાનું જાહેર કર્યું ?
૪. પૂંજા ડોડિયાને સત્સંગ કોના થકી થયો હતો ?
૫. દાતણના બદલામાં શ્રીજીમહારાજે બીબડીને શું આપ્યું ?





૬. 'નારાયણ' નામ લેવાથી કોનો ઉદ્ધાર થયો ?
૭. છોકરાને શ્રીજીમહારાજે શું ભેટ અપાવી ?
૮. શ્રીજીમહારાજે રામાનંદ સ્વામી પાસે માંગેલું એક વરદાન લખો.
૯. પ્રાર્થના એટલે શું ?
૧૦. કોણ માથા પર સળગતી સગડી લઈને રસોઈ બનાવવા મહારાજ સાથે ફરતું ?

**પ્ર.૧૧ કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **૫**

૧. ઘાયલ ભગુજીની સેવામાં રહેવા ..................... સંતને શ્રીજીમહારાજે આજ્ઞા કરી. (અખંડાનંદ, અદ્‌ભુતાનંદ, સચ્ચિદાનંદ)
૨. પૂંજા ડોડિયા શ્રીજીમહારાજના ધામમાં ગયા બાદ વિરહમાં .................... દિવસે ધામમાં બિરાજી ગયા. (ચૌદમા, બારમા, તેરમા)
૩. ગાઢ જંગલમાં વાઘ સામે જનાર .................... સ્વામી હતા. (આત્માનંદ, અદ્‌ભુતાનંદ, અખંડાનંદ)
૪. વજીબાને સ્વામિનારાયણ ભગવાનનો મહિમા ....................... સંતે સમજાવ્યો. (કૃપાનંદ, રામદાસ, ગુણાતીતાનંદ સ્વામી)
૫. ભૂમાનંદ સ્વામીને ..................... દિવસના ઉપવાસ થયા. (૪, ૫, ૬)

**પ્ર.૧૨ નીચેનામાંથી કોઈપણ એક વિષય પર ટૂંકનોંધ લખો. (બારેક લીટીમાં)** **૫**

૧. જોધો ભરવાડ ૨. નાથ ભક્ત ૩. પૂજા

**પ્ર.૧૩ નીચેનામાંથી કોઈપણ <u>પાંચ</u> કીર્તન/અષ્ટક/શ્લોકમાં ખૂટતી કડીઓ પૂરી કરો.** **૧૦**

૧. કરી કાંઠા ઘઉંની ......................... ઘીમાં ચઢી.
૨. પુરુષોત્તમ પરબ્રહ્મ પરાત્પર .................... સ્વામી અને ભગવન.
૩. જેનું નામ રટ્યા થકી ...................... પાયે નમું પ્રીતથી.
૪. પુરુષોત્તમ ..................... સુગમ કરી સિદ્ધિ.
૫. શોભો સાધુગુણે .................. વંદુ અહો.
૬. સદ્‌બુદ્ધિ સદ્‌ગુણ ........... સદ્ય વિદારી.
૭. ઉત્તિષ્ઠોત્તિષ્ઠ .................... પરં કુરુઃ

**પ્ર.૧૪ નીચેનામાંથી કોઈપણ એક 'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ કરો. (દસેક લીટીમાં)** **૫**

૧. કરોડ કામ બગાડીને ................................
૨. કેટલાકને મન રમાડે ................................

✿ ✿ ✿